# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## RTO Rules

હવેથી ઓનલાઇન લર્નિંગ લાયસન્સ મેળવવું સરળ બનશે. સરકારે ઓનલાઇન લર્નિંગ લાયસન્સ પરિક્ષા માટેનાં માપદંડમાં સુધારો કર્યો છે. વાહન વ્યવહાર કમિશનર કચેરીની યાદીમાં જણાવ્યા પ્રમાણે ઉમેદવારોએ હવે 15માંથી માત્ર નવ પ્રશ્નોનાં જ સાચા જવાબ આપવાનાં રહેશે. અગાઉ 11 સાચા જવાબ આપવા જરૂરી હતા.

આ અંગેનું જાહેરનામું બહાર પડ્યા બાદ સુધારેલા નિયમોની જાણ રાજ્યભરની માર્ગ પરિવહન કચેરીઓને કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી, 2023માં સેન્ટ્રલ મોટર વ્હિકલ્સ એક્ટમાં આ પ્રકારની માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. તેને પગલે ગુજરાત સરકારે નિયમોમાં સુધારા કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## District Rain

રાજ્યનાં કેટલાંક જિલ્લાઓમાં આજે વરસાદનાં અહેવાલ છે.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણના જણાવ્યા પ્રમાણે, અસહ્ય ઉકળાટ બાદ વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વહેલી સવારથી માલપુર તાલુકાના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો હતો. માલપુર નગરના રાજમાર્ગો પર નદી જેવા દ્રશ્યો સર્જાયા હતા. વરસાદ થતાં મગફળી, કપાસ, સોયાબીનના પાક ને

જીવતદાન મળ્યું છે. દરમિયાન, એક સપ્તાહના વિરામ બાદ કચ્છના મુન્દ્રા તાલુકામાં ઝાપટા પડ્યા હોવાનાં અહેવાલ છે.

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, ડોલવણના ઘાણી ગામનો કોઝ-વે પ્રથમ જ વરસાદમાં જ બંને બાજુથી ધોવાઈ જતાં ઘાણી, મહુવરીયા, બામણામાળદ્રુર, ગાંગપુર ગામનાં લોકોને બુહારી, વાલોડ, ડોલવણ જેવા મુખ્ય મથકોએ જવા આશરે દશ કિલોમીટર ફરીને જવું પડે છે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ **જયંતિ ચૌધરી** જણાવે છે કે, જિલ્લામાં 2 લાખ 86 હજાર હેકટર ના અંદાજ સામે 66 હજાર 899 હેકટરમાં વાવેતર થઈ ગયું છે. મહેસાણા જિલ્લામાં સૌથી વધુ 50 ટકા વાવેતર વિજાપુર તાલુકામાં થયું છે, જ્યારે સૌથી ઓછું વાવેતર બહુચરાજી તાલુકામાં થયું છે. જિલ્લામાં 28 હજાર 796 હેકટરમાં કપાસ નું વાવેતર થયું છે. ઘાસચારા નું 16 હજાર 736, મગફળી નું 14 હજાર 35, શાકભાજીનું ચાર હજાર 973, ગવારનું 1450, અડદનું 367, મગનું 183, તેમજ બાજરીનું 112 હેકટરમાં વાવેતર થઈ ગયું છે.

**જામનગર જિલ્લામાં પ્રથમ રાઉન્ડમાં નોંધપાત્ર વરસાદના કારણે જામનગરને પાણી પુરૂ પાડતા જળાશયો રણજીતસાગર, ઉંડ અને સસોઈ ડેમમાં નવા નીર આવ્યા છે.**

**રણજીત સાગર ડેમમાં ત્રણ ફૂટ, સસોઈ ડેમમાં બે ફૂટ અને ઊંડ ડેમમાં એક ફૂટ નવું પાણી આવ્યું છે. પરિણામે જામનગરને વધુ એક માસ ચાલે તેટલો પાણીનો જથ્થો વધતા ચોમાસા સુધી પાણીની ખેંચ રહેશે નહીં.**

**દરમિયાન, પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ પોરબંદર લોકસભા વિસ્તારમાં આવતા ઘેડ પંથકમાં ભારે વરસાદના કારણે પાણી ભરાવવાની સમસ્યાના સમાધાન માટે જુનાગઢ જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજીને જરૂરી સૂચનો આપ્યા હતા.**

-----------------------------

## PORBANDAR DISTRICT REVIEW MEETING

પોરબંદર જિલ્લાના પ્રભારી કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં ગઇકાલે પોરબંદર વીલા સર્કીટ હાઉસ ખાતે જિલ્લાના પ્રશ્નો અને બાકી કામો પુર્ણ કરવા અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

મંત્રીશ્રીએ પાણી, કેનાલના કામો, સિંચાઈ, અન્ન પુરવઠો, કૃષિ, વીજ પુરવઠો, આરોગ્ય તથા કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણ લક્ષી યોજનાઓના લાભ આપવા માટેની તમામ યોજનાની સમીક્ષા કરી હતી.

મંત્રીએ જિલ્લા કક્ષાએ માળખાગત કામો અને નાગરિક સેવાઓ અંગે તલસ્પર્શી માહિતી મેળવી દરેક વિભાગને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે અમિપુર ડેમના દરવાજાની કામગીરી વહેલાસર પૂર્ણ કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

# SURAT BUILDING - ARREST

સુરતમાં છ માળની ઈમારત ધરાશાયી થવાની દુર્ઘટના મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. તેમ જ બિલ્ડર સહિત ત્રણ લોકો સામે ફોજદારી કેસ દાખલ કર્યો છે. શહેરના પાલી ગામમાં G.I.D.C. વિસ્તારમાં આવેલી છ માળની ઈમારત શનિવારે ધરાશાયી થતાં સાત લોકોએ જીવ ગુમાવ્યા હતા. અગ્નિશામક દળના જવાનોની સાથે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળની ટુકડીએ બચાવ કામગીરી હાથ ધરી હતી.

------------------

# DAMAN - SAMPURNTA ABHIYAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ મિશ્રાએ નીતિ આયોગના દ્વારા નિર્ધારિત સંપૂર્ણતા અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં નીતિ આયોગના આકાંક્ષા બ્લૉક કાર્યક્રમમાં પાંચ મુદ્દા સામેલ કરાયા હતા. આ અભિયાન અંતર્ગત આગામી 30મી સપ્ટેમ્બર સુધી આરોગ્ય, પોષણ, કૃષિ પદ્ધતિઓમાં વિવિધ કાર્યક્રમ યોજાશે.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................